પ્રાદેશિક નાયબ નિયામક (મહિલા કલ્યાણ),વર્ગ-૧ ની જગ્યાઓને પુન: જિર્વિત કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/CWC/e-file/23/2025/0195/A

સચિવાલય, ગાંધીનગર.

તા. ઈ-સાઈન મુજબ

**વંચાણે લીધા :**

(૧) આ વિભાગનો તા.૦૫/૦૩/૨૦૨૫ નો સમાનાંકી ઠરાવ.

**પ્રસ્તાવના:**

આ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામે દર્શાવેલ ઠરાવથી પ્રાદેશિક નાયબ નિયામક(મહિલા કલ્યાણ), વર્ગ-૧ની ૦૪ હંગામી જગ્યાઓને રદ્ધ કરવામાં આવેલ. આ જગ્યાઓને પુન: જિર્વિત કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાના અંતે પ્રાદેશિક નાયબ નિયામક(મહિલા કલ્યાણ), વર્ગ-૧ની ૦૪ હંગામી જગ્યાઓને ઠરાવ થયા તારીખથી પુન: જિર્વિત કરી તા.૨૮/૦૨/૨૦૨૭ સુધી નીચેની શરતોને આધિન ચાલુ રાખવાની મંજૂરી આપવામા આવે છે.

(૧) એબેયન્સમાં મૂકવામાં આવેલ જગ્યાને ભરતા પહેલા કરકસર પ્રભાગ ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2023/0336/Z.1 Dt.26-06-2023 ની જોગવાઈઓ મુજબ એબેયન્સમુકત કરાવી લેવાની રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષને આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૭) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૮)જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગનાતા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2023/0336/Z.1 Dt.26-06-2023ની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2022/2282/Z.1 Dt.26-06-2023 ની જોગવાઇ મુજબ વિભાગે જગ્યાને કાયમી કરવાની પ્રક્રીયા હાથ ધરવાની રહેશે.

(૧૨) વિભાગે વર્ગ ૪ ની જગ્યા ખાલી પડતા તેને રદ કરવાના હુકમો કરવાના રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૮/૦૮/૨૦૨૬ તથા નાણા સલાહકારના પરામર્શમાં આ વિભાગના સચિવશ્રીની તા.૦૮/૦૯/૨૦૨૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ. જી. ચાવડા

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી(મહિલા કલ્યાણ), મહિલા અને બાળ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ૨૦ ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (ઝ.૧), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વેબસાઈટ ઉપર પ્રસિધ્ધિ સારુ.
- સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Urvashi G Chavda
Section Officer
Date:2026.09.10
17:16:48 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign